॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૦ | જુલાઇ-ઑગષ્ટ ૧૯૮૯ | અંક ૧

# વાલીઓને,

## ગ્રીષ્મ શિબિર

કંઇક મોડું કહી શકાય તેવા સમયે એટલે કે શાળા બંધ થયા પછી ગ્રીષ્મ શિબિર કરવાનું નક્કી થયું તેથી બહુ મોટો વર્ગ આ શિબિરથી વંચિત રહ્યો તેનું દુઃખ છે, તો સાથે સાથે ૭૦ જેટલા બાળકોને તેનો લાભ આપી શકાયો તેનો આનંદ પણ છે.

આવાં કાર્યક્રમોથી માત્ર બાળકોની નહીં પણ અમારી શક્તિ પણ વિકસે છે તેવો અનુભવ હંમેશા થાય છે. શરૂઆતમાં જે પ્રવૃત્તિઓ વિચારી હતી એ કરતાં ઘણી વધુ પ્રવૃત્તિઓ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ આપી શકાઇ. બાળકો અને કાર્યકરોના ઉત્સાહનું આ પરિણામ છે.

અમદાવાદમાં જ આ શિબિર હોઇ જાફરાબાદ કે નારગોલ કરતાં જુદું જ આયોજન કરવું પડયું. આનાથી કેટલીક મર્યાદા વચ્ચે કામ કરવું પડયું તો કેટલાક નિષ્ણાતોનો લાભ પણ લઈ શકાયો. સમયના અભાવે ઘણું કરવાનું રહી ગયું તેવી લાગણી પણ છેલ્લે છેલ્લે થવા લાગી.

શાળાના અભ્યાસક્રમો જડ ચોકડીમાં ગોઠવાઈને પડયા છે. આવા પ્રોજેકટો દ્વારા જ મુક્ત મને અન્ય પ્રવૃત્તિઓ આપી શકાય છે. અમદાવાદમાં છેલ્લા કેટલાએક સમયથી ઉત્સાહી વાલીઓ નાના પાયા ઉપર પણ આવી પ્રવૃત્તિ કરતા હતા અને ઘણાં વાલીઓએ તેનો લાભ ભૂતકાળમાં લીધો છે તે આવી પ્રવૃત્તિઓ કેટલી બધી જરૂરી છે તે દર્શાવે છે.

શિક્ષણનું સરકારીકરણ થયું છે અને તેથી તેનું અવમુલ્ય સહન ન થઈ શકે એટલી હદે થયું છે. જે બાળકોને આ લાભ તેમના વાલીઓ પહોંચાડી શકે છે તે બાળકોને હું ખૂબ જ ખૂબનશીબ માનું છું અને તેમને અભિવાદું છું.

દિનુભાઈના વંદન

## લોકમાન્ય બાળગંગાધર ટિળક

આપણી માભોમને ગુલામીની જંજીરોમાંથી છોડાવનાર વીરલાઓને યાદ કરીએ છીએ ત્યારે આપણી આંખોસામેથી પસાર થાય છે અનેક મહાન વિભૂતિઓ અને તેમની વીરગાથાઓ. તેઓએ ગુલામ, નિર્બળ અને માય–કાંગલી બનેલી પ્રજાનાં દિલમાં હિંમત અને સ્વતંત્રતાની ભાવના ભરી દીધી હતી, સ્વતંત્રતાનો નાદ ભારતની ગલીઓ ગલીઓમાં ગુંજાવ્યો હતો. આવી મહાન વિભૂતિઓને તેમનાં આગવાં લક્ષણો હતાં, આગવી રીત હતી, આગવો મિજાજ હતો અને તેમાં ય આગવું સ્થાન ધરાવનાર હતા લોકમાન્ય ટિળક.

મહારાષ્ટ્રનાં ચિખલી ગામે ટિળકનો જન્મ તા. ૨૩–૭–૧૮૫૬નાં રોજ ગણિત અને સંસ્કૃતના પંડિત શ્રી ગંગાધર રાવને ત્યાં થયો. માતા પાર્વતીબાઇ ધાર્મિક અને નીતિપરાયણ. પુત્રનું લાડનું નામ 'બાળ' હતું, જે નામથી તેઓ આજે પણ ઓળખાય છે. બાળ ગંગાધર ટિળક નાનપણથી જ ભણવામાં તેજસ્વી, સાહસિક, નીડર અને અડગ નિશ્ચયી હતાં.

ભારતને સ્વતંત્ર કરવા માટે તેમનો ફાળો નાનો·સૂનો નથી. આઝાદીની ચળવળ તેઓએ શિક્ષીતોથી આમ જનતા સુધી પહોંચાડી અને લોકોને "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે" નો મંત્ર આપ્યો.

'કેસરી નામના વર્તમાનપત્ર દ્વારા અંગ્રેજો દ્વારા થતા અન્યાયો સામે લોકોને જાગૃત કર્યા અને આવા સીધેસીધા આક્ષેપોથી છંછેડાઈને અંગ્રેજ સરકારે તેમને જેલમાં ધકેલ્યાં. 'મરાઠા' નામનાં પત્ર દ્વારા પણ તેમણે લોકોમાં જાગૃતિ આણી, જેલમાં રહ્યા તે દરમ્યાન "ગીતા રહસ્ય" લખ્યું. આમ તેમનું ક્ષેત્ર ફક્ત રાજકીય નહીં પણ સામાજીક સાંસ્કૃતિક, શૈક્ષણિક વિ. સુધી પણ વિસ્તર્યું.

આજે ભારતદેશ કપરા સમયમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે આપણે જરૂર છે એકતાની અખંડિતતાની અને એ જ જૂના દેશદાઝના જુવાળની જે ભારતમાતાને એકસૂત્રી રાખી અને આપણાં પૂર્વજોએ આપેલ અમૂલ્ય વારસો સ્વતંત્રતા જાળવવાની શક્તિ બક્ષે.

વિશાલ કાપડિયા ૭ अ]

# ચોકસાઈ

"બેન કાલે મારો નાસ્તાનો ડબ્બો રહી ગયો છે, મળ્યો છે?' 'આજે તો હું કંપાસ જ ભૂલી ગઈ, હવે શું થશે? કોઇને મળ્યો છે બહેન?," 'અરે મારી વોટરબેગ! ક્યાં રહી ગઇ? નિશા તેં જોઇ છે?" શાળામાં આ રોજની હકીક્ત બની ગઈ છે, અને એટલે જ એને માટે વ્યવસ્થિતપણે કંઈક કરવું જોઇએ એવું લાગે છે.

બાળમંદિરથી માંડી બાળકો અમારી પાસે આવે છે. સામાન્ય રીતે શરૂઆતનાં એ તબક્કામાં બાળકો થોડાંક વધુ ચોક્કસ જણાય છે. પોતાનો હાથરૂમાલ, પોતાની વસ્તુ ભૂલી ન જવાય તેથી સભાન હોય છે, કયારેક તો ખાસ યાદ રાખી શાળાએથી પાછા ફરતાં કે પ્રવાસમાંથી પાછા ફરતાં ખાસ યાદ કરીને પોતાની ચીજ વસ્તુઓ સંભાળપૂર્વક મેળવી લેતાં હોય છે. પણ ધીરે ધીરે તેઓ જેમ મોટાં થતા જાય છે તેમ તેમ આવી વસ્તુઓની ચોકસાઈ તરફ બેધ્યાન બને છે.

આ સંદર્ભમાં વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓનું કેટલીક બાબતો તરફ ધ્યાન દોરવાનું મન થાય છે. બાળક રોજેરોજ શાળાએ શું લઈને ગયું છે અને સાંજે શાળાએથી પાછું ફર્યું ત્યારે એ વસ્તુઓ પાછી લઇને એ આવ્યું છે કે નહિ તેવી ચોકસાઈ શરૂઆતના તબક્કે વાલીએ રાખવી પડે છે, પણ ધીરેધીરે કરતાં બાળકને તેની ટેવ પડતાં વાલીએ પછી રોજેરોજ ધ્યાન રાખવાની જરૂરીયાત રહેતી નથી. એટલું જ નહીં પણ આ રીતે બાળક એની વસ્તુઓ પોતે જ સાચવે, એની જરૂરી ચીજો યાદ રાખીને શાળાએ લઇ જાય ને પાછી લાવે તેવી ટેવ પાડવી જરૂરી છે. હકીક્તમાં એવું બને છે કે આજે એક ડબ્બો ભૂલી જવાયો તો 'કાલે બીજો લઈ જજે' અને આમ કયારેક તો એક જ બાળકનાં ત્રણ ચાર ડબ્બા ખોવાય ત્યાં સુધી વાલી અને બાળક બંને તેની તપાસ કરવાનું ઠેલ્યે જ રાખે છે 'મારી વસ્તુ ખોવાઈ છે તેની તરત તપાસ કરીને મારે તે મેળવવી જ રહી' એવો મનમાં નિર્ધાર ન થાય અને તરત જ તપાસ ન કરાય તો પછી એ વસ્તુ હાથ તો ન જ લાગે ને! ........ને વળી આજની વધતી જતી મોંઘવારીમાં ચોકસાઇ ન કેળવીએ તો પોસાય પણ શી રીતે?

કેટકેટલા કંપાસો, વોટરબેગો, ડબ્બા ને નાની મોટી વસ્તુઓ આમ માલિકીનાં હક્ક વિના પડી રહેતાં જોઈએ છે ત્યારે સહેજે વિચાર આવે છે "આટલી મોંઘવારીમાં આ વ્યય કેમ પોસાય?" અને તે ય ફક્ત ચોકસાઇનોગુણ ન કેળવવાના કારણે? બાળકને નાનપણથી જ તેની વસ્તુઓ તે સાચવતાં શીખે તેવો આગ્રહ જો કેળવાય તો આ પરિસ્થિતિ ઊભી ન થાય.

ઊર્મિલા શાહ

# નવરાશની વેળાએ

વિદ્યાર્થીનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે અભ્યાસ જેટલી જ અગત્ય ઇતર પ્રવૃત્તિઓની પણ છે, સામાન્યત: શાળાનાં સમય દરમ્યાન આવી અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું જ રહે છે, છતાં વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે સારી પ્રગતિ સાધી શકે અને ફાજલ સમયનો સદુપયોગ કરી કલાસર્જનનો આનંદ માણી શકે તે હેતુથી તા. ૮-૫-૮૯ થી તા. ૭-૬-૮૯ સુધી શાળામાં ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં ૭૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

આ શિબિરમાં સંગીત, માટીકામ, હસ્તઉદ્યોગ, સીવણ, ફોટોગ્રાફી, મેંદી, કેશગૂંફન, સલાડ વગેરે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને કેટલાક નમૂનાઓ પણ તૈયાર કરવામાં આવ્યા, સાથે સાથે સામાન્ય રાંધણકળા અને મુખવાસ બનાવવાનું પણ શિક્ષણ આપવામાં આવ્યું. વિદ્યાર્થી ભાઈબહેનો આ આખીય શિબિર દરમ્યાન બહુ ઉત્સાહથી કાર્યશીલ રહ્યાં એટલુ જ નહી પણ આવા શિબિરથી તેમની રચનાત્મક શક્તિ ઘણી ખીલે છે અને તેમનામાં આત્મવિશ્વાસ પ્રગટે છે. તેમનાં વ્યક્તિત્વનું ઘડતર આવા શિબિરમાંથી જ થાય છે.

શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે તેઓએ રાસ, ગરબા, વેશભૂષા, મિમિક્રી અને નાટકનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. આખુંય ઉનાળુ વેકેશન આ રચનાત્મક પ્રવૃત્તિના આનંદમાં કયાં વીતી ગયું તે વિદ્યાર્થીઓને ય ખબર ન પડી અને છેવટે આ વિદ્યાર્થી ભાઇબહેનોને પ્રોત્સાહન પૂરૂં પડે ને ભાગ નહીં લેનાર વિદ્યાર્થી ભાઈબહેનોને પ્રેરણા મળે તેવા આશયથી આ શિબિર દરમ્યાન તૈયાર થયેલાં નમૂનાઓનું એક પ્રદર્શન તા ૧૭-૬-૮૯ થી ૨૧-૬-૮૯ સુધી યોજવામાં આવ્યું, જેની ઘણાં વાલીઓએ મુલાકાત લીધી.

શિબિરમાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થી ભાઇબહેનો તથા તેમાં સેવા આપનાર સૌ શિક્ષક ભાઇબહેનોને ધન્યવાદ.

(અનુસંધાન પાન-૪નું ચાલુ)

૨૦-૭-૮૯ ને ગુરૂવારનાં રોજ ગૌરીવ્રત નિમિત્તે ધો. ૮, ૯ ની બહેનોએ ગરબા અને સમૂહગીતો રજૂ કર્યા.

નીચે પ્રમાણે વિદ્યાર્થીભાઈ બહેનો ધો. ૮, ૯, ૧૦ માટે સ્કોલરશીપ મેળવે છે તે માટે તેમને અભિનંદન. **મહેતા હિતેશ (૯અ), વ્યાસ સૌમિલ (૯ક), દલાલ સજની (૯અ), શાહ હેતલ (૯બ), શાહ શિલ્પી (૯ક).**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

નવા વર્ષનું પહેલું સત્ર શરૂ થતાં નવા બાળકોએ બાલમંદિરમાં આવવાનું શરૂ કરી દીધું છે, અને વ્યવસ્થિત રીતે બાલમંદિરની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બની જીવનઘડતરનાં પંથ તરફ પા પા પગલી માંડી રહ્યા છે.

તા. ૨૪-૬-૮૯ને શનિવારનાં રોજ તાલીમ મંડળી નાં બાળકોએ "વાસણા ડેમ" નો પ્રવાસ કર્યો. બાળકો મુક્ત વાતાવરણમાં ઘણી રમતો રમ્યાં અને ક્રિડાંગણનાં સાધનો મુક્ત મને રમ્યાં.

ગૌરીવ્રતનાં દિવસો દરમ્યાન નાની બાળાઓએ માથે જવારા લઈ 'ગોરમાનો વર કેસરિયો' ગાતાં ગાતાં ગરબે ઘુમી વ્રતનો આનંદ માણ્યો.

## શિશુમંદિર

તા. ૧-૭-૮૯નાં રોજ ધો. ૫, ૬, ૭, માટેનાં મહામંત્રી અને ઉપમંત્રીની ચૂંટણી થઈ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાઈ આવ્યા છે.

**મહામંત્રી** – કાપડિયા વિશાલ [૭ अ]
શાહ નૂપુર [૭ क]
**ઉપમંત્રી** – શાહ મિલિન્દ [૭ क]
દેસાઇ મોના [૭ व]

તા ૬-૭-૮૯નાં રોજ ધો.૧થી૪ની ચૂંટણી યોજાઇ, જેમાં નીચે મુજબ વિદ્યાર્થીભાઇ બહેનો ચૂંટાઈ આવ્યા છે.

**મહામંત્રી** – શાહ ચિંતન
મહેતા શાલ્વી
**ઉપમંત્રી** – શાહ નીરવ
શાહ શાલ્વી

ઇતર પ્રવૃત્તિઓને અનુલક્ષીને નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઇબહેનો ગૃહનેતા અને ઉપનેતાપદે પસંદગી પામ્યાં છે.

**ભાઇઓ**

| | નેતા | ઉપનેતા |
|---|---|---|
| [૧] ગંગોત્રી | બાવીશી રોનક | શાહ શાલિભદ્ર |
| [૨] ધવલગિરિ | પટેલ ભાવિન | કાપડિયા બાદલ |
| [૩] મેઘનાદ | મુન્શી સુજલ | વસાવડા સચીન |
| [૪] રત્નદીપ | પાઠક મૌલેશ | શેઠ સલીલ |

**બહેનો**

| | નેતા | ઉપનેતા |
|---|---|---|
| [૧] ગંગોત્રી | શાહ ચૈતાલી | તેલી હિરલ |
| [૨] ધવલગિરિ | શાહ સજની | શ્રોફ અનુજા |
| [૩] મેઘનાદ | શાહ ઝલક | પટેલ કૃતિ |
| [૪] રત્નદીપ | રાવલ કૃષ્ણા | ભટ્ટ અમી |

**કાર્યક્રમો :-**

ગૌરીવ્રત નિમિત્તે તા. ૧૮-૭-૮૯નાં રોજ ધો. ૩ અને ૪ ની બહેનોએ તથા ૧૯-૭-૮૯નાં રોજ ધો. ૫, ૬, અને ૭ ની બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. જેમાં રાસ, ગરબા, હીંચ, વિ. રજૂ કર્યા. બહેનોએ જાતે જ જવારા વાવી તે અંગેની માહિતી રસપૂર્વક પ્રાપ્ત કરી. આખો ય કાર્યક્રમ ઉદ્યોગનો એક પ્રોજેકટ બની રહ્યો.

**અભિનંદન :-**

પ્રાથમિક વિભાગમાં સ્કોલરશીપ મેળવતા નીચેના ભાઇબહેનોને અભિનંદન.

**ત્રિરાજ શાહ, ગૌરી શાહ, મિલોની ફોઝદાર, આનન કોન્ટ્રાકટર, દેવલ સોપારકર, અને સ્વપ્ની પટેલ**

**ચેસ :-** 'સપ્તમ નગર રમતોત્સવ'માં મહિલાઓ માટેની ચેસ હરિફાઇમાં કુ. **ઝીલ મહેતાએ** ફક્ત ૯ વર્ષની ઉંમરે ખુલ્લા વિભાગમાં ૫માંથી ૫ પોઇન્ટ મેળવ્યા હતાં. જે માટે કોર્પોરેશન તરફથી તેને એક ભવ્ય ટ્રોફી એનાયત કરવામાં આવી છે, ઉપરાંત ઉટી ખાતે પણ તેમણે ગુજરાત રાજ્ય તરફથી Boy & Girls National Chessમાં ભાગ લીધો હતો તે માટે કુ. **ઝીલને** અભિનંદન

**ચિત્ર :-** The 5th Kanagawa Biennial world Children's Art Exhibitionમાં કુ. **બીજલ શાહને** ખાસ ઇનામ મેળવવા બદલ અભિનંદન

કેમલ કલર્સ તરફથી યોજાતી ચિત્ર સ્પર્ધામાં શહેર કક્ષાએ 'સી' ગ્રુપમાં પ્રથમ આવવા બદલ **અનુજ શાહ** (૫क) ને અભિનંદન તથા 'ડી' ગ્રુપમાં પ્રથમ આવવા બદલ અંકુર **શાહ** (૭क) ને અભિનંદન.

તરણ સ્પર્ધા :- ગુજરાત રાજ્ય તરફથી યોજાતી તરણ સ્પર્ધામાં ૫૦ મીટર બટર ફલાયમાં દ્વિતીય, ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય તથા ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં તૃતીય આવવા બદલ કુ. **આમ્પી પટેલને** અભિનંદન.

ગુજરાત સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામા બ્રેસ્ટ સ્ટ્રોક તથા બટરફલાયમાં દ્વિતીય તથા રાજપથ કલબમાં બ્રેસ્ટ સ્ટ્રોક તથા બટર ફલાયમાં પ્રથમ અને સ્ટાઇલ તથા બ્રેક સ્ટ્રોકમાં દ્વિતીય ઇનામ મેળવી ગ્રુપ ચેમ્પીયન શીપ મેળવવા માટે **અંકુર શાહને** અભિનંદન.

ગુજરાત સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં બ્રેસ્ટ સ્ટ્રોક તથા બટર ફલાયમાં દ્વિતીય તથા ફ્રી સ્ટાઇલ તથા બ્રેક સ્ટ્રોકમાં તૃતીય અને રાજપથ કલબમાં બ્રેસ્ટ સ્ટ્રોક તથા બટરફલાયમાં દ્વિતીય તથા ફ્રીસ્ટાઇલ અને બ્રેક સ્ટ્રોકમાં તૃતીય ઇનામો મેળવી રનરઅપ ચેમ્પીયન-શીપ મેળવવા બદલ **અનુજ શાહને** અભિનંદન.


**સ્કેટીંગ :-**

રાજપથમાં યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં બંને રીન્ક રેસમાં પ્રથમ આવવા બદલ ચિ. **અનુજ શાહને** તથા રીન્ક રેસમાં તૃતીય અને ડ્રીન્કીંગ રેસમાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ **અંકુર શાહને** અભિનંદન. **એલીસબ્રીજ** જીમખાનામાં ચિ. **અનુજ શાહે** રોલર સ્કેટીંગ સ્પીડ રેસમાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## વિનયમંદિર

**એસ. એસ. સી નું પરિણામ :-**

માર્ચ **૧૯૮૯ની બોર્ડની એસ. એસ. સી.** પરીક્ષામાં આપણી શાળામાંથી કુલ **૧૭૪** વિદ્યાર્થીઓ બેઠાં હતાં જેમાંથી **૧૭૨** વિદ્યાર્થીઓ પાસ થતાં શાળાનું પરિણામ ૯૮.૮% આવ્યું છે. ઉપરાંત **મહેતા તેજસ ધીરજભાઈ બોર્ડમાં ૬ઠું અને અમદાવાદ કેન્દ્રમાં બીજું સ્થાન** પ્રાપ્ત કરે છે. તથા **શાહ નિરાલી કુમારભાઈ બોર્ડમાં આઠમું** તથા **અમદાવાદ કેન્દ્રમાં ચોથું સ્થાન** પ્રાપ્ત કરે છે. **શાહ વિશાલ હિમાંશુભાઇ અમદાવાદ કેન્દ્રમાં દસમું સ્થાન** પ્રાપ્ત કરે છે. સૌ વિદ્યાર્થી ભાઇ-બહેનોને હાર્દિક અભિનંદન.



**મહેતા તેજસ ધીરજભાઇ**
૮૯.૮૬%



**શાહ નિરાલી કુમારભાઇ**
૮૯.૫૭%

**હાયર સેકન્ડરીનું પરિણામ :-**

વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨% અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬% આવ્યું છે. પાસ થનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને અભિનંદન.

તા. ૮-૭-૮૯ને શનિવારે મહામંત્રીની ચૂંટણી થઈ હતી જેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું હતું.

| | | |
|---|---|---|
| મહામંત્રી :- | **ધનંજય શાહ** | (૯ ब) |
| | **શિલ્પી શાહ** | (૯ क) |
| ઉપમંત્રી :- | **જૈનિક વકીલ** | (૯ क) |
| | **રચના પટેલ** | (૯ ब) |

શાળાની આંતરગૃહ પ્રવૃત્તિને અનુલક્ષીને **૧૯૮૯-૯૦ના** વર્ષ માટે નીચે જણાવ્યા પ્રમાણે ચારગૃહના નેતા અને ઉપનેતા પસંદગી પામ્યા હતાં.

**ભાઇઓ**

| | | નેતા | ઉપનેતા |
|---|---|---|---|
| [૧] | પદ્મપુકુર | ચિંતન મહેતા | આશિષ દેસાઇ |
| [૨] | ચંદ્રમૌલિ | નિશિથ ચુડાસમા | પાવન પરીખ |
| [૩] | મેઘદૂત | અલકેશ વસાવડા | મનન શાહ |
| [૪] | ગીતગોવિંદ | સૌમિલ વ્યાસ | દેવાંગ પરીખ |

**બહેનો**

| | | નેતા | ઉપનેતા |
|---|---|---|---|
| [૧] | પદ્મપુકુર | રીતુ પટેલ | હેતલ શાહ |
| [૨] | ચંદ્રમૌલિ | મેઘના મહોરીવાલા | રાની દવે |
| [૩] | મેઘદૂત | માનસી શાહ | માનસી દોશી |
| [૪] | ગીતગોવિંદ | પાયલ શાહ | રીશીતા શેઠ |

**કાર્યક્રમો -**

૨૮-૬-૮૯ને બુધવારે કાંચનજંગા શિખર સર કરી ગુજરાતનું ગૌરવ વધારનાર **શ્રી યોગેશભાઈ ચતુર્વેદીએ** ધો. ૮, ૯, ના વિદ્યાર્થીઓ સમક્ષ 'પર્વતારોહણ અને તેમાં પડતી મુશ્કેલીઓ' અંગે વક્તવ્ય રજૂ કર્યું

તા. ૧૨-૭-૮૯નાં રોજ અંધજન મંડળમાં ચાલતી હાયર સેકન્ડરી શાળાનાં પ્રિ. શ્રી કવિએ, writer તરીકે સેવા આપતાં વિદ્યાર્થીઓની સેવાને બિરદાવી તેમને સર્ટીફીકેટસ્ તથા પુરસ્કાર ભેટ આપ્યાં.

ગુરૂપૂર્ણિમા નિમિત્તે ૧૮-૭-૮૯ નાં રોજ ડો. **ભગવતીપ્રસાદ** પંડયાએ 'ગુરુની વ્યાખ્યા અને ગુરુ શિષ્યના સંબંધો' વિષે સુંદર વક્તવ્ય રજૂ કર્યું; તથા વેદ અને ઉપનિષદના મંત્રોનું સુંદર ગાન કરી શાળાની ઉતરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ આપ્યા.

૧૯-૭-૮૯ ને બુધવારે લોકમિલાપ ટ્રસ્ટનાં **શ્રી મહેન્દ્રભાઇ મેઘાણીએ** આગામી પુસ્તક 'યાદગાર જીવન પ્રસંગો'માંથી પ્રેરણાસભર ફકરાઓનું અસરકારક શૈલીમાં વાચન કર્યું, ને સાથે સાથે વિદ્યાર્થીઓએ શું વાંચવુ જોઇએ તે વિષે રસપ્રદ રીતે માહિતી આપી.

[અનુસંધાન પાના-૨ ઉપર]

## શ્રદ્ધાંજલિ

ધો. ૫માં અભ્યાસ કરતી બ્હેન મેઘા ઇશ્વરભાઈ વર્માના અકાળ અવસાન બદલ સૌ કોઇએ ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઇશ્વર સદ્દગતનાં આત્માને પરમશાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિંતુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭